## તંત્રી સ્થાનેથી......

પ્રસાર ભારતીના ડિજિટલ સ્ટ્રીમિંગ પ્લેટફોર્મ 'વેવ્ઝઓટીટી' (WAVES OTT) એ નવેમ્બર ૨૦૨૪માં તેના લોન્ચિંગના બેવર્ષથી ઓછા સમયમાં ૧ કરોડ (૧૦ મિલિયન) નોંધાયેલા (રજિસ્ટર્ડ) યુઝર્સનો સીમાચિહ્નરૂપ આંકડો વટાવી દીધો છે. આ સિદ્ધિ ભારતના પબ્લિક ડિજિટલ મીડિયા ઈકોસિસ્ટમના વિકાસમાં એક મહત્વપૂર્ણ પગલું દર્શાવે છે અને ભારતમાં તથા વિશ્વભરના પ્રેક્ષકોને વિશ્વસનીય, સમાવેશી અને વૈવિધ્યસભર સામગ્રી (કન્ટેન્ટ) પ્રદાન કરતા સ્વદેશી ડિજિટલ પ્લેટફોર્મ્સના વધી રહેલા સ્વીકારને પ્રતિબિંબિત કરે છે. આજે, વેવ્ઝ ઓટીટી મનોરંજન, સમાચાર, શિક્ષણ, સંસ્કૃતિ, આધ્યાત્મિકતા અને જાહેર સેવા (પબ્લિક સર્વિસ) ની શૈલીઓમાં ૨૪,૦૦૦ થી વધુ કન્ટેન્ટ ટાઈટલ્સ અને ૧૫,૦૦૦ કલાકથી વધુનું કન્ટેન્ટ ધરાવે છે. આ પ્લેટફોર્મ ૧૪૦થી વધુ લાઈવ ટીવી ચેનલો, ૨૦૦થી વધુ રેડિયો સેવાઓ, લાઈવ ઈવેન્ટ સ્ટ્રીમિંગ, પીએમ ઈ-વિદ્યા (PM e Vidya) ચેનલો દ્વારા શૈક્ષણિક સામગ્રી, યોજના (Yojana), કુરુક્ષેત્ર (Kuruksh^ara) અને રોજગાર સમાચાર (Rozgar Samachar) ની ડિજિટલ આવૃત્તિઓ, અગ્રણી મંદિરોમાંથી ભક્તિમય જીવંત પ્રસારણ અને પ્રસાર ભારતીના હજારો કલાકના આર્કાઈવલ (ઐતિહાસિક સંગ્રહના) કન્ટેન્ટની સુવિધા આપે છે. મોબાઈલ, વેબ અને કનેક્ટેડ ટીવી ઉપકરણો પર ઉપલબ્ધ, વેવ્ઝ ઓટીટી હવે ૧૩૦થી વધુ દેશોમાં પ્રેક્ષકો સુધી પહોંચી રહ્યું છે, જે બહુવિધ ભારતીય ભાષાઓમાં કન્ટેન્ટ પ્રદાન કરે છે અને જાહેર હિત તેમજ મનોરંજનના કાર્યક્રમોની વિશાળ શ્રેણીની મફત એક્સેસ આપે છે. આ સીમાચિહ્નરૂપ સિદ્ધિ પર ટિપ્પણી કરતા પ્રસાર ભારતીએ જણાવ્યું હતું કે, આ સિદ્ધિ ડિજિટલ યુગમાં ડિજિટલ પબ્લિક સર્વિસ મીડિયાની વધતી જતી સુસંગતતા દર્શાવે છે અને ટેલિવિઝન, રેડિયો, ઓન-ડિમાન્ડ કન્ટેન્ટ, શિક્ષણ, સંસ્કૃતિ અને વારસા માટે એક જ સ્થળ (સિંગલ ડેસ્ટિનેશન) બનાવવાના વિઝન (દૂરદર્શિતા) ને સાબિત કરે છે.

# સ્વસ્થ જીવનશૈલી, મેદસ્વિતા નિયંત્રણ, સ્વચ્છ પર્યાવરણ અને ટકાઉ વિકાસ માટે અપનાવો સાયકલિંગ

કમલમ્,સુરેન્દ્રનગર

કલ્પના કરો કે એક એવી સવાર છે જ્યાં રસ્તાઓ પર વાહનોના હોર્નનો ઘોંઘાટ નથી, હવામાં ધુમાડાની ગંધ નથી અને લોકો તંદુરસ્તી તથા ઉત્સાહ સાથે પોતાના ગંતવ્ય સ્થાન તરફ આગળ વધી રહ્યા છે. શહેરોના રસ્તાઓ પર હરિયાળીનો અહેસાસ છે, પ્રદૂષણનું પ્રમાણ ઓછું છે અને લોકો વધુ સ્વસ્થ જીવન જીવી રહ્યા છે. આ સુંદર પરિવર્તન લાવવાની શક્તિ કોઈ આધુનિક ટેકનોલોજી કે મોંઘા સાધનમાં નહીં, પરંતુ બે પૈડાં પર ચાલતા એક સરળ વાહન – સાયકલમાં સમાયેલી છે. સાયકલ પરિવહનનું એવું સાધન છે, જે સ્વાસ્થ્યનો મિત્ર, પર્યાવરણનો રક્ષક, આર્થિક બચતનો આધાર અને ટકાઉ ભવિષ્યનો માર્ગદર્શક છે. આજના સમયમાં વિશ્વ જ્યારે પ્રદૂષણ, ગ્લોબલ વોર્મિંગ, ટ્રાફિકની સમસ્યાઓ અને જીવનશૈલીજન્ય રોગો સામે સંઘર્ષ કરી રહ્યું છે, ત્યારે સાયકલ આશાનું નવું કિરણ બનીને ઉભરી આવી છે. માનવ ઈતિહાસની સૌથી સરળ, ઉપયોગી અને લોકપ્રિય શોધોમાંની એક ગણાતી સાયકલ છેલ્લી લગભગ બે સદીઓથી કરોડો લોકોના જીવનને ગતિ આપી રહી છે. તેની સરળતા, વિશ્વસનીયતા, સસ્તો જાળવણી ખર્ચ અને પર્યાવરણમિત્ર સ્વભાવને કારણે આજે પણ તેનું મહત્વ અખંડિત છે. આ મહત્વને ધ્યાનમાં રાખીને દર વર્ષે ૩ જૂનના રોજ સમગ્ર વિશ્વમાં 'વિશ્વ સાયકલ દિવસ' ઉજવવામાં આવે છે. સંયુક્ત રાષ્ટ્ર મહાસભા દ્વારા વર્ષ ૨૦૧૮માં આ દિવસને સત્તાવાર માન્યતા આપવામાં આવી હતી. દિવસનો મુખ્ય હેતુ સાયકલના સ્વાસ્થ્યલક્ષી, સામાજિક, આર્થિક અને પર્યાવરણીય લાભો અંગે વૈશ્વિક જાગૃતિ લાવવાનો છે. વિશ્વ સાયકલ દિવસ ૨૦૨૬ની ઉજવણી એવા સમયે થઈ રહી છે જ્યારે સમગ્ર વિશ્વ સ્વસ્થ જીવનશૈલી, હરિત પરિવહન અને ટકાઉ વિકાસ તરફ આગળ વધી રહ્યું છે. સાયકલ વ્યક્તિગત લાભની સાથે સાથે સમગ્ર સમાજ અને પર્યાવરણ માટે પણ અત્યંત ઉપયોગી સાબિત થઈ રહી છે. આ દિવસ આપણને સાયકલ ચલાવવાની પ્રેરણા આપવા ઉપરાંત સ્વસ્થ જીવન, સ્વચ્છ પર્યાવરણ અને જવાબદાર નાગરિક તરીકેની ફરજ નિભાવવાનો સંદેશ પણ આપે છે. આધુનિક યુગમાં ટેક્નોલોજીના વિકાસે માનવ જીવનને વધુ આરામદાયક અને સુવિધાસભર બનાવ્યું છે. મોટર વાહનો, મોબાઈલ ફોન, કમ્પ્યુટર અને વિવિધ યાંત્રિક સાધનોના કારણે લોકોનું દૈનિક જીવન સરળ બન્યું છે, પરંતુ બીજી તરફ શારીરિક પ્રવૃત્તિઓમાં નોંધપાત્ર ઘટાડો થયો છે. લોકો લાંબા સમય સુધી બેસીને કામ કરે છે, ઓછી ચાલફેર કરે છે અને મોટાભાગે ટૂંકા અંતરની મુસાફરી માટે પણ વાહનોનો ઉપયોગ કરે છે. પરિણામે મેદસ્વિતા, ડાયાબિટીસ, હૃદયરોગ, હાઈ બ્લડ પ્રેશર, સાંધાના રોગો અને માનસિક તણાવ જેવી ગંભીર સમસ્યાઓમાં સતત વધારો થઈ રહ્યો છે. આવા સમયમાં સાયકલિંગ એક સરળ, સસ્તો અને અત્યંત અસરકારક ઉપાય તરીકે સામે આવ્યું છે. વિશ્વ આરોગ્યસંસ્થા- WHO અનુસાર, નિયમિત શારીરિક પ્રવૃત્તિ માનવ આરોગ્ય માટે અત્યંત જરૂરી છે. રોજિંદા જીવનમાં સાયકલ ચલાવવી એ શ્રેષ્ઠ કસરતોમાંની એક ગણાય છે. નિયમિત સાયકલિંગથી હૃદય મજબૂત બને છે, રક્તપ્રવાહ સુધરે છે, ફેફસાંની કાર્યક્ષમતા વધે છે અને શરીરની સહનશક્તિ વિકસે છે. તે શરીરની વધારાની ચરબી ઘટાડવામાં મદદ કરે છે અને વજનને નિયંત્રિત રાખે છે. સંશોધનો દર્શાવે છે કે, નિયમિત સાયકલ ચલાવનારા લોકોમાં હૃદયરોગ અને ડાયાબિટીસનું જોખમ નોંધપાત્ર રીતે ઓછું હોય છે. આ ઉપરાંત સાયકલિંગ શરીરને સ્ફૂર્તિમય રાખે છે અને જીવનની ગુણવત્તામાં વધારો કરે છે. સાયકલિંગ શારીરિક સ્વાસ્થ્યની સાથે માનસિક સ્વાસ્થ્ય માટે પણ ખૂબ જ લાભદાયક છે. આજના ઝડપી અને સ્પર્ધાત્મક યુગમાં તણાવ, ચિંતા અને માનસિક દબાણ સામાન્ય સમસ્યાઓ બની ગઈ છે. સાયકલ ચલાવવાથી મગજમાં આનંદ અને સકારાત્મકતા વધારતા હોર્મોન્સનું સ્તર વધે છે, જેના કારણે તણાવમાં ઘટાડો થાય છે અને માનસિક પ્રસન્નતા પ્રાપ્ત થાય છે. પ્રકૃતિની વચ્ચે સાયકલ ચલાવવાનો અનુભવ વ્યક્તિને નવી ઊર્જા અને આત્મવિશ્વાસ પ્રદાન કરે છે. વિદ્યાર્થીઓ માટે તે એકાગ્રતા વધારવામાં મદદરૂપ બને છે, જ્યારે નોકરીયાત વર્ગ માટે તે માનસિક થાક દૂર કરવાનો શ્રેષ્ઠ ઉપાય બની શકે છે. મેદસ્વિતા આજના સમયમાં વિશ્વભરની સૌથી ગંભીર જાહેર આરોગ્ય સમસ્યાઓમાંની એક બની ગઈ છે. ખાસ કરીને બાળકો અને યુવાનોમાં વધતી સ્થૂળતા ચિંતાજનક છે. ફાસ્ટ ફૂડ, અનિયમિત ખોરાક, મોબાઈલ અને ટેલિવિઝન સામે લાંબા સમય સુધી બેસી રહેવાની આદતો તથા શારીરિક પ્રવૃત્તિના અભાવે આ સમસ્યા વધુ વિકરાળ બની રહી છે. ભારતમાં પણ મેદસ્વિતાના કેસોમાં સતત વધારો નોંધાઈ રહ્યો છે. સાયકલિંગ આ સમસ્યાનો સરળ અને અસરકારક ઉકેલ છે. રોજિંદા જીવનમાં સાયકલનો સમાવેશ કરવાથી વધારાની કેલરી બળે છે, શરીર સક્રિય રહે છે અને વધતી ચરબી નિયંત્રિત કરવામાં મદદ મળે છે. ભારત સરકાર સ્વસ્થ અને તંદુરસ્ત ભારતના નિર્માણ માટે વિવિધ અભિયાનો ચલાવી રહી છે. "ફિટ ઈન્ડિયા મૂવમેન્ટ", "ખેલો ઈન્ડિયા", "યોગા અભિયાન" અને મેદસ્વિતામુક્ત ભારત જેવા જનજાગૃતિ કાર્યક્રમો દ્વારા લોકોને વધુ સક્રિય જીવન જીવવા માટે પ્રોત્સાહિત કરવામાં આવી રહ્યા છે. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ પણ અનેક પ્રસંગોએ લોકોને નિયમિત કસરત, ચાલવાની અને સાયકલિંગની આદત વિકસાવવા માટે અપીલ કરી છે. "ફિટ ઈન્ડિયા" અને "મેદસ્વિતામુક્ત ભારત"ના લક્ષ્યો હાંસલ કરવામાં સાયકલિંગ મહત્વપૂર્ણ યોગદાન આપી શકે છે. વિશ્વ સાયકલ દિવસનું એક અત્યંત મહત્વપૂર્ણ પાસું પર્યાવરણ સંરક્ષણ સાથે પણ જોડાયેલું છે. આજના સમયમાં વાયુ પ્રદૂષણ અને ગ્લોબલ વોર્મિંગ સમગ્ર માનવજાત માટે પડકારરૂપ બન્યા છે. પેટ્રોલ અને ડીઝલથી ચાલતા વાહનો કાર્બન ડાયોક્સાઈડ સહિત અનેક હાનિકારક વાયુઓનું ઉત્સર્જન કરે છે, જે હવામાન પરિવર્તન માટે જવાબદાર છે. તેની સામે સાયકલ સંપૂર્ણપણે શૂન્ય-ઉત્સર્જન ધરાવતું વાહન છે. સાયકલનો ઉપયોગ વધવાથી કાર્બન ફૂટપ્રિન્ટમાં ઘટાડો થાય છે, હવાની ગુણવત્તા સુધરે છે અને પર્યાવરણ વધુ સ્વચ્છ અને સુરક્ષિત બને છે. ગ્લોબલ વોર્મિંગ સામેની લડતમાં સાયકલ એક અસરકારક અને વ્યવહારુ સાધન તરીકે ઉભરી આવી છે. શહેરોમાં વધતો ટ્રાફિક પણ એક મોટી સમસ્યા બની ગયો છે. ટૂંકા અંતરની મુસાફરી માટે પણ મોટર વાહનોના ઉપયોગના કારણે રસ્તાઓ પર ભારે ભીડ સર્જાય છે. જો લોકો ટૂંકા અંતર માટે સાયકલનો વધુ ઉપયોગ કરે તો ટ્રાફિક જામમાં નોંધપાત્ર ઘટાડો થઈ શકે છે. સાથે-સાથે ઈંધણની બચત થશે, સમય બચશે અને રસ્તાઓ પરનું દબાણ પણ ઘટશે. આર્થિક રીતે જોવામાં આવે તો સાયકલ સૌથી સસ્તું અને સરળ પરિવહન સાધન છે. તેની ખરીદી, જાળવણી અને ઉપયોગનો ખર્ચ અન્ય વાહનોની તુલનામાં ખૂબ જ ઓછો છે. સાયકલ સામાજિક સમાનતા અને સમાવેશનું પણ પ્રતીક છે. તે દરેક વર્ગના લોકો માટે સુલભ છે. ખાસ કરીને ગ્રામ્ય વિસ્તારોમાં હજારો વિદ્યાર્થીઓ સાયકલ દ્વારા શાળાએ પહોંચે છે. અનેક રાજ્ય સરકારો વિદ્યાર્થીઓને મફત અથવા સહાયિત દરે સાયકલ પ્રદાન કરે છે જેથી તેઓ શિક્ષણથી વંચિત ન રહે. ખાસ કરીને દીકરીઓ માટે સાયકલ શિક્ષણ સુધી પહોંચવાનો માર્ગ સરળ બનાવે છે, આત્મવિશ્વાસ વધારે છે અને સ્વાવલંબન તરફ દોરી જાય છે. સાયકલ રોજગારી, આરોગ્ય સેવાઓ અને અન્ય આવશ્યક સુવિધાઓ સુધી પહોંચવાનું મહત્વપૂર્ણ સાધન બની શકે છે. સંયુક્ત રાષ્ટ્રના ટકાઉ વિકાસ લક્ષ્યો (SDGs) પ્રાપ્ત કરવામાં પણ સાયકલનું મહત્વપૂર્ણ યોગદાન છે. સારું સ્વાસ્થ્ય અને સુખાકારી, અસમાનતામાં ઘટાડો, ટકાઉ શહેરો અને સમુદાયો તથા આબોહવા પરિવર્તન સામે પગલાં જેવા અનેક વૈશ્વિક લક્ષ્યોને હાંસલ કરવામાં સાયકલિંગ સીધો ફાળો આપે. આ કારણોસર વિશ્વભરના દેશો સાયકલને ટકાઉ વિકાસના મહત્વપૂર્ણ સાધન તરીકે સ્વીકારી રહ્યા છે. કોરોના વૈશ્વિક મહામારી પછી સમગ્ર વિશ્વમાં લોકો પોતાના સ્વાસ્થ્ય અને પર્યાવરણ પ્રત્યે વધુ જાગૃત બન્યા છે. ઘણા દેશોમાં સાયકલ ટ્રેક, બાઈક-શેરિંગ સિસ્ટમ અને સાયકલ-મિત્ર રસ્તાઓ વિકસાવવામાં આવ્યા છે. ભારતમાં પણ સ્માર્ટસિટી મિશન હેઠળ વિવિધ શહેરોમાં સાયકલ ટ્રેક, જાહેર સાયકલ સેવા અને હરિત પરિવહનને પ્રોત્સાહન આપવામાં આવી રહ્યું છે. અમદાવાદ, દિલ્હી, બેંગલુરુ, પુણે અને અન્ય શહેરોમાં સાયકલિંગને પ્રોત્સાહન આપવા માટે મહત્વપૂર્ણ પહેલ કરવામાં આવી રહી છે. વિશ્વ સાયકલ દિવસ ૨૦૨૬ની ઉજવણી અંતર્ગત વિશ્વભરમાં સાયકલ રેલીઓ, જાગૃતિ અભિયાનો, આરોગ્ય શિબિરો, સેમિનારો, ચર્ચાસત્રો અને વિવિધ શૈક્ષણિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવી રહ્યું છે. શાળાઓ, કોલેજો, યુવા સંગઠનો, રમતગમત સંસ્થાઓ અને સામાજિક સંગઠનો દ્વારા લોકોને સાયકલિંગના ફાયદાઓ વિશે માહિતગાર કરવામાં આવે છે. આવા કાર્યક્રમો સમાજમાં સાયકલ પ્રત્યે સકારાત્મક અભિગમ વિકસાવવામાં અને નવી પેઢીને સ્વસ્થ જીવનશૈલી અપનાવવા માટે પ્રેરિત કરવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. આજના યુગમાં જ્યારે વિશ્વ જીવનશૈલીજન્ય રોગો, પ્રદૂષણ, ગ્લોબલ વોર્મિંગ અને ઊર્જા સંકટ જેવી સમસ્યાઓનો સામનો કરી રહ્યું છે, ત્યારે સાયકલ એક આશાસ્પદ અને વ્યવહારુ ઉકેલ તરીકે સામે આવી છે. સાયકલ એ સ્વસ્થ જીવનશૈલી, સ્વચ્છ પર્યાવરણ, સામાજિક સમાનતા અને ટકાઉ વિકાસ તરફ દોરી જતું એક શક્તિશાળી સાધન છે. તે માણસ, સમાજ અને પ્રકૃતિ વચ્ચે સંતુલન સ્થાપિત કરવામાં મદદરૂપ બને છે. વિશ્વ સાયકલ દિવસ ૨૦૨૬ આપણને યાદ અપાવે છે કે નાના દેખાતા પગલાં પણ મોટા પરિવર્તન લાવી શકે છે. જો દરેક વ્યક્તિ પોતાના દૈનિક જીવનમાં શક્ય હોય ત્યાં સુધી સાયકલનો ઉપયોગ શરૂ કરે, તો માત્ર પોતાનું જ નહીં પરંતુ સમગ્ર સમાજ અને પર્યાવરણનું પણ કલ્યાણ થઈ શકે છે. આવો, આ અવસરે આપણે સૌ સંકલ્પ કરીએ કે સાયકલને જીવનનો અભિન્ન ભાગ બનાવીશું, સ્વસ્થ જીવન જીવીશું, મેદસ્વિતામુક્ત ભારતના નિર્માણમાં યોગદાન આપીશું અને હરિયાળા, સ્વચ્છ તથા ટકાઉ ભવિષ્ય માટે સક્રિય ભાગીદાર બનીશું.

# ધરમપુરમાં સરકારી હોમિયોપેથીક દવાખાના દ્વારા વલસાડ જિલ્લાના સ્થાપના દિવસની ઉજવણી કરાઈ



### વલસાડની સ્થાપનાના ૬૨ વર્ષ પૂર્ણ થવાના અવસરે વિશ્વ યોગ દિવસનું મહત્વ સમજાવાયુ

કમલમ્, વલસાડ,

રાજ્ય સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા સંચાલિત નિયામકશ્રી આયુષની કચેરી ગાંધીનગર દ્વારા પ્રેરિત તથા વલસાડ જિલ્લા આયુર્વેદ અધિકારીશ્રીના માર્ગદર્શન હેઠળ તા. ૧ જૂનના રોજ વલસાડ જિલ્લાની સ્થાપનાને ૬૨ વર્ષપૂર્ણ થતા હોય તે નિમિત્તે તેમજ તા. ૨૧મી જૂનના રોજ ૧૨માં વિશ્વ યોગ દિવસના પ્રચાર પ્રસાર અર્થે ધરમપુરના વિમળેશ્વર મહાદેવ મંદિર ખાતે રાધા મહિલા મંડળના પ્રમુખશ્રી હેમાબેન મેરાઈ તથા ઉપપ્રમુખશ્રી દક્ષાબેન કાપડિયાની ઉપસ્થિતિમાં યોગ એટલે શું, યોગ કેમ કરવા, તેની મહત્તા અને તા. ૨૧ મી જૂને જ કેમ વિશ્વ યોગ દિવસ ઉજવવામાં આવે છે તે સંબંધિત વિસ્તૃત પરીસંવાદ હોમિયોપેથીક મેડિકલ ઓફિસર, ધરમપુર દ્વારા કરવામાં આવ્યો હતો. જિલ્લા પંચાયત આયુર્વેદ દવાખાના તિસ્કરી તલાટના યોગ પ્રશિક્ષક શિવમ ગુપ્તાએ યોગ પ્રોટોકોલ અંતર્ગત યોગના લાભાલાભ વિશે તન, મન અને સ્વાસ્થ્ય તંદુરસ્ત રહે અને વિશ્વ શાંતિ માટે સૌને સાથે લઈને આસન પર બેસી યોગ પ્રાણાયામ અપનાવી તંદુરસ્ત સમાજની રચના કરવા બાબત વ્યાખ્યાન આપ્યું હતું. યોગ શિબિર અંતર્ગત પેમ્ફલેટ વિતરણ કરવામાં આવ્યું હતું. સેવક તરીકે ભાવેશ ભૂસારાએ સેવા આપી હતી. સૌને કેરીના જ્યુસની બોટલ આપવામાં આવી હતી. બહોળી સંખ્યામાં રાધા મહિલા મંડળની બહેનો ઉપસ્થિત રહી વલસાડ સ્થાપના દિવસની ઉજવણીને યાદગાર બનાવી હતી.

# બારડોલી બસ દુર્ઘટનાની ઘટના અત્યંત દુઃખદ અને વ્યથિત કરનારી છે. આરોગ્ય મંત્રીશ્રી પ્રફુલ્લભાઈ પાનસેરિયા



કમલમ્,

બારડોલી બસ દુર્ઘટનાની ઘટના અત્યંત દુઃખદ અને વ્યથિત કરનારી છે. આ દુર્ઘટનાની જાણ થતાં જ હું ખૂબ વ્યથિત થયો છું. અકસ્માતમાં ઈજા પામેલા ભાઈઓ-બહેનોને તાત્કાલિક અને શ્રેષ્ઠ સારવાર મળી રહે તે માટે નવી સિવિલ હોસ્પિટલના તબીબી અધિક્ષક તથા આરોગ્ય તંત્રને તરત જ જરૂરી સૂચનાઓ આપવામાં આવી હતી. નવી સિવિલ હોસ્પિટલના વિવિધ વિભાગોના તબીબો, મેડિકલ ઓફિસરો અને નર્સિંગ સ્ટાફ દ્વારા યુદ્ધના ધોરણે સારવાર શરૂ કરવામાં આવી છે. હાલમાં અંદાજે ૯ દર્દીઓ સારવાર હેઠળ છે અને તેમની સ્થિતિ સ્થિર તથા સ્વસ્થ છે. દર્દીઓ અને તેમના પરિવારજનોને કોઈપણ પ્રકારની મુશ્કેલી ન પડે તેમજ તમામ જરૂરી આરોગ્ય સુવિધાઓ સમયસર ઉપલબ્ધ રહે તે માટે સિવિલ હોસ્પિટલના વહીવટીતંત્રને પણ સ્પષ્ટ સૂચનાઓ આપવામાં આવી છે. આ મુશ્કેલ ઘડીમાં હું ઈજાગ્રસ્તો અને તેમના પરિવારજનો સાથે સંવેદનાપૂર્વક ઉભો છું. ઈશ્વર તમામ દર્દીઓને ઝડપથી આરોગ્યલાભ આપે તેવી પ્રાર્થના કરું છું. રાજ્ય સરકાર અને આરોગ્ય વિભાગ તેમની સારવાર અને સંભાળ માટે સંપૂર્ણ પ્રતિબદ્ધ છે.

# દેશના વડાપ્રધાનશ્રીના ૧૨ વર્ષના સફળ કાર્યકાળના અવસરે મોરબી જિલ્લામાં ૦૫ થી ૨૧ જૂન દરમિયાન યોજાશે ત્રિવિધ કાર્યક્રમો

## જિલ્લામાં 'પ્રગતિ પથ યાત્રા', 'જન કલ્યાણ શિબિર' અને 'વિકસિત ભારત સંકલ્પ સંમેલન' સહિતના કાર્યક્રમોના સુચારુ આયોજન માટે કલેક્ટરશ્રી સ્વપ્રિલ ખરેના અધ્યક્ષસ્થાને બેઠક યોજાઈ



### વૃક્ષારોપણ, સ્વચ્છતા ઝુંબેશ અને પ્રાકૃતિક ખેતી કાર્યશાળા સાથે જન કલ્યાણ શિબિરોમાં સેવાસેતુની ૫૬ પ્રકારની સેવાઓનો સ્થળ પર જ મળશે લાભ

કમલમ્,મોરબી

દેશના વડાપ્રધાનશ્રીના ૧૨ વર્ષના સફળ અને ગૌરવશાળી કાર્યકાળ પૂર્ણ થવાના ઐતિહાસિક અવસરે આગામી તારીખ ૦૫ જૂનથી ૨૧ જૂન, ૨૦૨૬ દરમિયાન મોરબી જિલ્લામાં વિવિધ જનકલ્યાણલક્ષી કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. આ રાષ્ટ્રવ્યાપી અભિયાનના ભાગરૂપે જિલ્લામાં યોજાનારા ત્રિવિધ કાર્યક્રમોના સુચારુ અને સુચારુ આયોજન માટે મોરબી જિલ્લા કલેક્ટરશ્રી સ્વપ્રિલ ખરેના અધ્યક્ષસ્થાને કલેક્ટર કચેરી ખાતે બેઠક યોજાઈ હતી. જેમાં કલેક્ટરશ્રી દ્વારા વિવિધ આયોજનો અંગે સંબંધિત વિભાગોની કામગીરીની સમીક્ષા કરી જરૂરી સૂચનો અને માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું. કલેક્ટરશ્રીએ તમામ વિભાગોને પરસ્પર મજબૂત સંકલન સાધીને કાર્યક્રમોને સફળ બનાવવા જણાવ્યું હતું. આ ઉજવણી અન્વયે મોરબી જિલ્લામાં મુખ્ય ત્રણ કાર્યક્રમો યોજાનાર છે, જેમાં પ્રગતિ પથ યાત્રા દ્વારા સરકારશ્રીની વિકાસયાત્રાને જન-જન સુધી પહોંચાડાશે. જન કલ્યાણ શિબિર થકી છેવાડાના પરિવારોને લોકહિતની યોજનાઓથી લાભાન્વિત કરશે અને વિકસિત ભારત સંકલ્પ સંમેલન (પ્રબુદ્ધ સંમેલન) દ્વારા રાષ્ટ્રના વિકાસમાં પ્રબુદ્ધ નાગરિકોના યોગદાન અંગે સંવાદ સ્થાપિત કરશે. આ કાર્યક્રમોના ભાગરૂપે જિલ્લાભરમાં વ્યાપક વૃક્ષારોપણ, સઘન સ્વચ્છતા અભિયાન અને પ્રાકૃતિક ખેતી અંગે ખેડૂતોને પ્રોત્સાહિત કરતી વિશેષ કાર્યશાળાઓનું આયોજન કરવામાં આવશે. આ ઉપરાંત, યોજાનારી 'જન કલ્યાણ શિબિર' અંતર્ગત રાજ્ય અને કેન્દ્ર સરકારના વિવિધ વિભાગોની મહત્વની કલ્યાણકારી યોજનાઓ અને સેવાઓનો લાભ એક જ સ્થળે ઉપલબ્ધ કરાવવામાં આવશે. નાગરિકોની વહીવટી સરળતા માટે આ શિબિરો દરમિયાન જ 'સેવાસેતુ' અંતર્ગત મળવાપાત્ર ૫૬ (છપ્પન) પ્રકારની વિવિધ સરકારી સેવાઓ અને દાખલાઓનો લાભ અરજદારોને સ્થળ પર જ પ્રદાન કરવામાં આવશે. આ ઉત્સવને સાચા અર્થમાં લોકઉત્સવ બનાવવા માટે જિલ્લાના પદાધિકારીઓ, વિવિધ ક્ષેત્રના પ્રતિષ્ઠિત અને અગ્રણી નાગરિકો, પૂજ્ય સંતો-મહંતો, સમાજના વિવિધ વર્ગોના પ્રતિનિધિઓ, યુવાઓ તથા વિશાળ સંખ્યામાં આમ જનતાને આ ભગીરથ કાર્યક્રમોમાં સહભાગી બનાવવામાં આવશે. આ બેઠકમાં નિવાસી અધિક કલેક્ટરશ્રી એસ.જે. ખાચર, વાંકાનેર પ્રાંત અધિકારીશ્રી વિપુલ સાકરીયા, મોરબી પ્રાંત અધિકારીશ્રી પ્રવિણસિંહ જૈતાવત, હળવદ પ્રાંત અધિકારીશ્રી ધાર્મિક ડોબરીયા, મોરબી મહાનગરપાલિકાના ડેપ્યુટી કમિશનરશ્રી કુલદીપસિંહ વાળા, નાયબ જિલ્લા વિકાસ અધિકારીશ્રી શૈલેષચંદ્ર ભટ્ટ સહિત સબંધિત વિભાગના ઉચ્ચ અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# રાજ્યમાં હૃદય રોગની સારવારના વિસ્તરણ અંગે આરોગ્ય રાજ્ય મંત્રી શ્રી પ્રફુલ પાનશેરીયાની અધ્યક્ષતામાં યોજાઈ ઉચ્ચ સ્તરીય બેઠક યોજાઈ

## યુ.એન. મહેતા ઈન્સ્ટિટ્યૂટનો રેકોર્ડઃ ગત વર્ષે ૮,૫૦૪ સફળ હૃદયના ઓપરેશન અને ૩.૯૪ લાખથી વધુ OPD ચકાસણીઃ- આરોગ્ય રાજ્ય મંત્રી શ્રી પ્રફુલ પાનશેરીયા



કમલમ્,

"ગુજરાતના નાગરિકોને ઘરઆંગણે અત્યાધુનિક અને ગુણવત્તાસભર આરોગ્ય સેવાઓ મળી રહે તેવા ઉદ્દેશ્ય સાથે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ અને નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીના માર્ગદર્શન હેઠળ રાજ્ય સરકાર આરોગ્યક્ષેત્રે સતત કાર્યશીલ છે. આ અંતર્ગત આરોગ્ય રાજ્ય મંત્રી શ્રી પ્રફુલ પાનશેરીયાની અધ્યક્ષતામાં સમગ્ર રાજ્યમાં કાર્ડિયાક સેવાઓના વિસ્તરણ અંગે ગાંધીનગર ખાતે ઉચ્ચ સ્તરીય સમીક્ષા બેઠક યોજાઈ હતી." આરોગ્ય રાજ્ય મંત્રી શ્રી પ્રફુલ પાનશેરીયાએ રાજ્યની આરોગ્ય સેવાઓને વધુ સુદ્રઢ, આધુનિક અને જનકેન્દ્રિત બનાવવાના સરકારના પ્રયાસોને બિરદાવતા જણાવ્યું હતું કે, ગત વર્ષ-૨૦૨૫ દરમિયાન યુ.એન. મહેતા કાર્ડિયાક ઈન્સ્ટિટ્યૂટ દ્વારા અભૂતપૂર્વ કામગીરી કરવામાં આવી છે. આ વર્ષ દરમિયાન સંસ્થા દ્વારા ૮,૫૦૪ સફળ કાર્ડિયાક સર્જરી - હૃદયના ઓપરેશન કરવામાં આવ્યા છે, તેમજ સરેરાશ ૩.૯૪ લાખથી વધુ દર્દીઓની OPD ચકાસણી અને ૫૨,૧૬૭ જેટલા ગંભીર દર્દીઓને IPD અંતર્ગત ઉત્કૃષ્ટ ઈન્ડોર સારવાર પૂરી પાડવામાં આવી છે. આ બેઠકમાં આરોગ્ય રાજ્ય મંત્રીશ્રીએ રાજ્યમાં આગામી દિવસોમાં કાર્યરત થનારા યુ.એન. મહેતા કાર્ડિયાક ઈન્સ્ટિટ્યૂટના પોરબંદર, ભાવનગર, સુરત અને સોલા - અમદાવાદ ખાતેના સેટેલાઈટ સેન્ટર્સના બાંધકામની પ્રગતિની વિગતવાર સમીક્ષા કરી હતી. આ ઉપરાંત કામગીરી ઝડપથી પૂર્ણ કરવા માટે જરૂરી સૂચનો મંત્રીશ્રીએ આપ્યા હતા તેમજ હાલ કાર્યરત ગાંધીનગર અને રાજકોટના સેન્ટરોની કામગીરી તથા ત્યાં ઉપલબ્ધ સુવિધાઓનું પણ મંત્રીશ્રી દ્વારા આકલન કરવામાં આવ્યું હતું. આરોગ્ય રાજ્ય મંત્રી શ્રી પ્રફુલ પાનશેરીયાએ વધુમાં ઉમેર્યું હતું કે, ગુજરાત આજે માત્ર રાજ્યના નાગરિકો માટે જ નહીં, પરંતુ દેશના અન્ય રાજ્યો તેમજ વિદેશથી આવતા દર્દીઓ માટે પણ એક અત્યંત વિશ્વસનીય અને આધુનિક હેલ્થકેર હબ તરીકે ઊભરી રહ્યું છે. દરેક ગરીબ અને મધ્યમવર્ગીય દર્દીને ગુણવત્તાસભર, સુલભ અને આધુનિક સારવારની સાથે માનવીય સંવેદનાનો સ્પર્શ મળે તે માટે રાજ્ય સરકાર સંપૂર્ણપણે કટિબદ્ધ છે.

મંત્રીશ્રી પાનશેરીયા દ્વારા "Healthcare with Humanity" ના અભિગમને વધુ મજબૂત બનાવવા માટે એક મહત્વની બેઠક યોજવામાં આવી હતી. જેમાં સમગ્ર રાજ્યમાં કાર્ડિયાક સેવાઓના સુનિયોજિત વિસ્તરણ અંગે આરોગ્ય વિભાગના ઉચ્ચ અધિકારીઓ અને યુ.એન. મહેતા ઈન્સ્ટિટ્યૂટ -અમદાવાદના પદાધિકારીઓ સાથે વિસ્તૃત ચર્ચા-વિચારણા કરવામાં આવી હતી.

# થરા નગરે પ્રેમરત્ન પરિવાર દ્વારા ગાયો માટે સિમેન્ટની ચાટો વિતરણ કરાઈ

**ગૌસેવા કરવાથી જીવનમાં સુખ,શાંતિ, સમૃદ્ધિ અને આધ્યાત્મિક શાંતિનો અનુભવ થાય છે-પૂજ્ય નયશેખર મહારાજ સાહેબ**



કમલમ્,

બનાસકાંઠાની ધન્યધરા એ આવેલ થરા ગામે અતિ ગરમીના સમયમાં અબોલ જીવો માટે એક સુંદર કાર્ય પ્રેમરત્ન માનવસેવા ચેરીટેબલ ટ્રસ્ટ એવં પ્રેમરત્નપરિવાર દ્વારા જીવદયા નું ઉત્તમ કાર્ય કરવામાં આવેલ.આ કાર્યમાં માનવતાના મસીહા પ.પૂ.આ.ભ.શ્રીમદ વિજય રત્નશેખરસૂરીશ્વરજી મહારાજાના દિવ્ય આશીર્વાદ એવં પ.પૂ.મુનિરાજશ્રી નયશેખર મહારાજ સાહેબના માર્ગદર્શન હેઠળ જીવદયા નું કાર્ય કરવામાં આવેલ. આ ઉત્તમ કાર્યમાં થરાના જૈન શ્રેષ્ટીવર્ય સંજયભાઈ શાહના પુત્ર દેવ શાહે એવં દક્ષ,રોહિત અને સમર વિગેરે પણ આ કાર્યમાં જોડાઈને ગાયો માટે ચાટો વિતરણ કરેલ.ગાયો માટે આ સિમેન્ટની ચાટનો લાભ ગુરૂભક્તો એ ઉદાર દિલે લીધેલ.આવા અતિ ઉત્તમ જીવદયાના પ્રસંગે પૂજય મુનિરાજશ્રી નયશેખર મહારાજ સાહેબે ઉદબોધન આપતા જણાવેલ કે ગૌસેવા આપણા સંસ્કાર અને સંસ્કૃતિનું પવિત્ર કાર્ય માનવામાં આવે છે.ગાયોને ચારો,પાણી અને આરામ સાથે યોગ્ય પોષણ મળે તે માટે સિમેન્ટની ચાટ (ચારો-પાણી માટેની મજબૂત ચાટ) બનાવવી એ પણ એક ઉત્તમ જીવદયા સેવા છે.સિમેન્ટની ચાટ લાંબા સમય સુધી ટકાઉ રહે છે અને ગાયો માટે સ્વચ્છ રીતે પાણી અથવા ભોજન રાખવામાં ખૂબ ઉપયોગી બને છે. રસ્તા પર રખડતી ગાયો હોય કે ગૌશાળાની ગાયો તેમને એક સ્થળે સ્વચ્છ પાણી અને ચારો મળે તો અનેક ગાયો ભૂખ અને તરસથી બચી શકે છે. ખાસ કરીને ઉનાળામાં સિમેન્ટની ચાટ ગાયો માટે આશીર્વાદ સમાન બને છે.જે વ્યક્તિ ગાયો માટે સિમેન્ટની ચાટ બનાવે છે અથવા તેનું દાન કરે છે,તે ગૌમાતાની સેવા દ્વારા અનંત પુણ્યનો ભાગીદાર બને છે.ગૌસેવા કરવાથી જીવનમાં સુખ, શાંતિ,સમૃદ્ધિ અને આધ્યાત્મિક શાંતિનો અનુભવ થાય છે.ગૌમાતાને પાણી અને ચારો આપવો એ સૌથી મોટી માનવતા અને જીવદયા છે.

# આસામમાં કૃષિ અને ગ્રામીણ વિકાસ માટે ભંડોળની કોઈ અછત રહેશે નહીં : શ્રી શિવરાજસિંહ ચૌહાણ

## કેન્દ્રીય મંત્રી શ્રી શિવરાજ સિંહ ચૌહાણે નવી દિલ્હીમાં આસામના મુખ્યમંત્રી શ્રી હિમંતા બિસ્વા સરમા સાથે બેઠક યોજી



કમલમ્,

કેન્દ્રીય કૃષિ અને ખેડૂત કલ્યાણ તથા ગ્રામીણ વિકાસ મંત્રી શ્રી શિવરાજ સિંહ ચૌહાણે નવી દિલ્હીના કૃષિ ભવન ખાતે આસામના મુખ્યમંત્રી શ્રી હિમંતા બિસ્વા સરમા સાથે રાજ્યને સંબંધિત વિષયો પર ચર્ચા કરવા માટે બેઠક યોજી હતી. આ ઉચ્ચ સ્તરીય બેઠકમાં આસામમાં કૃષિ અને ગ્રામીણ વિકાસ વિભાગ દ્વારા ચલાવવામાં આવતી વિવિધ કેન્દ્રીય યોજનાઓની પ્રગતિની સમીક્ષા કરવામાં આવી હતી અને કેટલાક મહત્વપૂર્ણ મુદ્દાઓ પર વ્યાપક ચર્ચા-વિચારણા કરવામાં આવી હતી. બેઠકમાં કેન્દ્રીય મંત્રી શ્રી શિવરાજ સિંહ ચૌહાણે જણાવ્યું હતું કે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના માર્ગદર્શન હેઠળ આસામમાં કૃષિ અને ગ્રામીણ વિકાસ માટે ભંડોળ અને સંસાધનોની કોઈ અછત રહેશે નહીં. તેમણે એગ્રીકલ્ચર ઈન્ફ્રાસ્ટ્રક્ચર ફંડ (AIF), પ્રધાનમંત્રી આવાસ યોજના - ગ્રામીણ (PMAY-G), મનરેગા (MGNREGA) અને અન્ય કેન્દ્રીય યોજનાઓના મહત્તમ લાભો સુનિશ્ચિત કરવા માટે રાજ્યને સંપૂર્ણ સહયોગની ખાતરી આપી હતી.

ગ્રામીણ વિકાસ મંત્રાલયના એજન્ડા પર બોલતા સચિવ શ્રી રોહિત કંસલે માહિતી આપી હતી કે પ્રધાનમંત્રી આવાસ યોજના-ગ્રામીણ (PMAY-G) અને મનરેગા (MNREGA) પ્રણાલીઓમાં ટેકનિકલ અવરોધો સંપૂર્ણપણે હલ થઈ ગયા છે. આસામ સરકારની માંગ મુજબ મનરેગા હેઠળ ભંડોળ ફાળવવામાં આવ્યું છે. તેમણે એમ પણ જણાવ્યું કે, ૧લી જુલાઈથી દેશભરમાં મનરેગાનું સ્થાન 'વિકસિત ભારત-રોજગાર એવમ્ આજીવિકા મિશન (ગ્રામીણ)' લેશે. બેઠકમાં ચાના બગીચાના કામદારોને જમીન માલિકીના હકો (પટ્ટા) આપવાના આસામ સરકારના ઐતિહાસિક નિર્ણયની પ્રશંસા કરવામાં આવી હતી.

કેન્દ્રીય મંત્રીએ જાહેરાત કરી હતી કે કેન્દ્ર સરકાર પાત્ર લાભાર્થીઓના નામ ડિજિટલી રીતે નોંધવા માટે એક વિશેષ સર્વે વિન્ડો ખોલશે જેથી આ કામદારોને પ્રધાનમંત્રી આવાસ યોજના-ગ્રામીણના લાભો મળી શકે. આ પ્રસંગે કેન્દ્રીય મંત્રી શ્રી ચૌહાણે આસામની વિશિષ્ટ આબોહવા અને જમીનની લાક્ષણિકતાઓના આધારે તૈયાર કરાયેલ 'કૃષિ એક્શન પ્લાન' (કૃષિ કાર્ય યોજના) નો મુસદ્દો મુખ્યમંત્રી શ્રી સરમાને સોંપ્યો હતો. બેઠક દરમિયાન કૃષિ અને ગ્રામીણ વિકાસ સંબંધિત કેટલાક મહત્વપૂર્ણ નિર્ણયો પર સહમતિ સધાઈ હતી. ગ્રામીણ વિકાસ મંત્રાલયના અધિકારીઓએ માહિતી આપી હતી કે આસામમાં લક્ષ્યાંક કરતાં વધુ, ૯ લાખથી વધુ 'લખપતિ દીદી'ઓ બનાવીને મહિલા સશક્તિકરણ તરફ નોંધપાત્ર પ્રગતિ હાંસલ કરવામાં આવી છે. આ મહિલાઓના સાહસોને વધુ મજબૂત કરવા માટે આસામ કૃષિ યુનિવર્સિટી (AAU) ના ઈન્ક્યુબેટર્સના સહયોગથી કામગીરી ઝડપી બનાવવામાં આવશે. કૃષિ ક્ષેત્રને મજબૂત કરવા માટે, કેન્દ્ર સરકારે કૃષિ યાંત્રિકીકરણ અને રાષ્ટ્રીય કૃષિ વિકાસ યોજના (RKVY) હેઠળ આસામમાં મંજૂર કરાયેલા પ્રોજેક્ટ્સ અને ભંડોળ વિશે માહિતી આપી હતી. કૃષિ મંત્રાલયના સચિવ શ્રી અતિશ ચંદ્રાએ મુખ્યમંત્રીને મહિલા ખેડૂતોને કૃષિ પાવર વીડર્સ પૂરા પાડવા માટે થઈ રહેલા પ્રયાસોથી માહિતગાર કર્યા હતા. ખાદ્ય તેલ પરના રાષ્ટ્રીય મિશન - ઓઈલ પામ (NMEO-OP)ના વિસ્તરણ અંગે પણ ચર્ચા કરવામાં આવી હતી. રાજ્યમાં સુરક્ષિત ખેતીને પ્રોત્સાહન આપવા માટે આ વર્ષે ૧,૫૦૦ નવા વાંસના પોલીહાઉસ મંજૂર કરવામાં આવ્યા છે. કૃષિ માળખાકીય સુવિધાઓને મજબૂત કરવા માટે, રાષ્ટ્રીય કૃષિ વિકાસ યોજના (RKVY) હેઠળ પેસ્ટિસાઈડ ટેસ્ટિંગ લેબ (જંતુનાશક પરીક્ષણ પ્રયોગશાળા) અને એડિબલ ઓઈલ ટેસ્ટિંગ લેબ (ખાદ્ય તેલ પરીક્ષણ પ્રયોગશાળા) માટેની ઈમારતોને મંજૂરી આપવામાં આવી છે. આસામના ઓર્ગેનિક (જૈવિક) ઉત્પાદનોના આંતરરાષ્ટ્રીય માર્કેટિંગ અને નિકાસને પ્રોત્સાહન આપવા માટે એપેડા (APEDA) અને નેશનલ ઓર્ગેનિક કોઓપરેટિવ લિમિટેડ સાથે ભાગીદારી સ્થાપિત કરવામાં આવી રહી છે, જે ખેડૂતોને વ્યાપક પાયે સહયોગ પૂરો પાડશે. બેઠકમાં આસામની સમૃદ્ધ જૈવ-વિવિધતાના પ્રચાર પર પણ વિગતવાર ચર્ચા કરવામાં આવી હતી. ડેરે (DARE) ના સચિવ અને આઈસીએઆર (ICAR)ના મહાનિર્દેશક ડૉ. એમ.એલ. જાટે માહિતી આપી હતી કે આસામ કૃષિ યુનિવર્સિટીના વર્તમાન કેન્દ્રોને વધુ મજબૂત કરવામાં આવશે. આ અંતર્ગત ઈન્સ્ટિટ્યૂટ ઓફ ફ્લોરીકલ્ચર, પુણેના સહયોગથી મસાલા માટે અખિલ ભારતીય સમન્વયિત સંશોધન કાર્યક્રમ અને રાજ્યના ફૂલ 'ફોક્સટેલ ઓર્કિડ'ના વિકાસ માટે નેટવર્ક કાર્યક્રમ ચલાવવામાં આવશે. કૃષિ વિજ્ઞાન કેન્દ્રો (KVKs) ના કર્મચારીઓના નિવૃત્તિ લાભો અને પેન્શન સંબંધિત બાકી કેસોના ઉકેલ અંગે પણ ચર્ચા કરવામાં આવી હતી. જમીન સંસાધન વિભાગના સચિવ શ્રી નરેન્દ્ર ભૂષણે માહિતી આપી હતી કે આસામમાં જમીનના રેકોર્ડના ડિજિટલાઈઝેશન તરફ સકારાત્મક પ્રગતિ થઈ રહી છે.

મુખ્યમંત્રી શ્રી હિમંતા બિસ્વા સરમાએ રાજ્યમાં કૃષિ અને ગ્રામીણ વિકાસને વેગ આપવા માટે કેન્દ્ર સરકાર દ્વારા આપવામાં આવી રહેલા સહયોગ બદ્દલ કેન્દ્રીય મંત્રી શ્રી શિવરાજ સિંહ ચૌહાણનો આભાર વ્યક્ત કર્યો હતો.

# દક્ષિણ આફ્રિકાના નાયબ રાષ્ટ્રપતિએ ભારતના રાષ્ટ્રપતિ સાથે મુલાકાત કરી



કમલમ્,

દક્ષિણ આફ્રિકા પ્રજાસત્તાકના નાયબ રાષ્ટ્રપતિ મહામહિમ શ્રી શિપોકોસા પૌલસ માશાતિલે (H.E. Mr. Shipkoosa Paulus Mashatile)(૨ જૂન, ૨૦૨૬) રાષ્ટ્રપતિ ભવન ખાતે ભારતના રાષ્ટ્રપતિ શ્રીમતી દ્રૌપદી મુર્મુ સાથે મુલાકાત કરી હતી. નાયબ રાષ્ટ્રપતિ માશાતિલેની ભારતની આ પ્રથમ મુલાકાત પર તેમનું સ્વાગત કરતા, રાષ્ટ્રપતિએ જણાવ્યું હતું કે ભારત અને દક્ષિણ આફ્રિકા વચ્ચે એક વિશેષ મિત્રતા છે જે ઐતિહાસિક પણ છે અને સમકાલીન પણ છે. આપણી બહુઆયામી ભાગીદારી સહિયારા મૂલ્યો અને પરસ્પર સન્માન પર આધારિત છે. દક્ષિણ આફ્રિકા એ સૌપ્રથમ એવો દેશ હતો જેની સાથે ભારતે વર્ષ ૧૯૯૭માં વ્યૂહાત્મક ભાગીદારી (સ્ટ્રેટેજિક પાર્ટનરશિપ) સ્થાપિત કરી હતી. રાષ્ટ્રપતિએ જણાવ્યું હતું કે ભારત અને દક્ષિણ આફ્રિકા હંમેશા ગ્લોબલ સાઉથ (Global South) ના અગ્રણી અવાજ રહ્યા છે. આપણે સંસ્થાનવાદ વિરોધી સંઘર્ષનો સમાન ઈતિહાસ ધરાવીએ છીએ. સંયુક્ત રાષ્ટ્ર (યુનાઈટેડ નેશન્સ), અલિપ્તવાદી આંદોલન (નોન-એલાઈન્ડ મુવમેન્ટ) અને જી૨૦ (G20) જેવા બહુપક્ષીય મંચોમાં આપણા ગાઢ સહયોગ દ્વારા, આપણે માત્ર આપણા પોતાના લોકો માટે જ નહીં પરંતુ વ્યાપક ગ્લોબલ સાઉથ માટે પણ શાંતિ અને સમૃદ્ધિને પ્રોત્સાહન આપવા માંગીએ છીએ. રાષ્ટ્રપતિએ એ વાતની ખુશી વ્યક્ત કરી હતી કે ભારત અને દક્ષિણ આફ્રિકા વચ્ચેનો દ્વિપક્ષીય વેપાર આશરે ૧૫.૫ અબજ યુએસ ડોલર (USD) છે. તેમણે જણાવ્યું હતું કે આ ક્ષમતા ઘણી વધારે છે, અને આપણે આપણા વેપારી સંબંધોને વધુ ઊંચા સ્તરે લઈ જવા માટે પ્રયત્ન કરવો જોઈએ. આપણે એવું સાનુકૂળ નીતિગત વાતાવરણ પૂરું પાડવાનું ચાલુ રાખવું જોઈએ જે બંને દેશોની કંપનીઓને એકબીજાના બજારોમાં તેમના રોકાણ અને વ્યાપાર પ્રવૃત્તિઓનો વિસ્તાર કરવા માટે સક્ષમ બનાવે. રાષ્ટ્રપતિએ જણાવ્યું હતું કે ભારત આફ્રિકા સાથેની તેની ભાગીદારી માટે સંપૂર્ણપણે પ્રતિબદ્ધ છે અને ટૂંક સમયમાં જ 'ઈન્ડિયા-આફ્રિકા ફોરમ સમિટ' ફરીથી યોજવા માટે આફ્રિકન યુનિયન કમિશન સાથે મળીને નજીકથી કામ કરશે. બંને નેતાઓ એ બાબત પર સંમત થયા હતા કે ભારત અને દક્ષિણ આફ્રિકા વચ્ચેનો ગાઢ સહયોગ આપણા લોકો માટે અપાર લાભ લાવી શકે છે.

### વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીના ૧૨ વર્ષ શુસાસનના

# વલસાડ જિલ્લા કલેકટરશ્રીની અધ્યક્ષ સ્થાને બેઠક મળી



કમલમ્,વલસાડ,

વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ૧૨ વર્ષના શુસાસનમાં જનતા જનાર્દનના સહયોગ સાથે દેશ અને ગુજરાતે અભૂતપૂર્વ વિકાસ સાધ્યો છે. વડાપ્રધાનશ્રીના દઢ નેતૃત્વથી દેશને વિકાસની નવી દિશા મળી છે. સાથે વિકસિત ભારતના સંકલ્પને સાકાર કરવા અને ગુજરાતની વિકાસગાથાથી સમાજના વિવિધ વર્ગોને માહિતગાર કરવા માટે આગામી તા. ૮ થી ૨૧ જૂન, ૨૦૨૬ દરમિયાન રાજ્યભરમાં વિવિધ કાર્યક્રમો થશે. જેમાં તા.૮ થી ૧૪ દરમિયાન પ્રગતિપથ યાત્રાનું આયોજન છે. જેને અનુલક્ષીને વલસાડ જિલ્લામાં જુદા જુદા કાર્યક્રમોના સુચારૂ અમલીકરણ માટે ઈ/ચા જિલ્લા કલેક્ટર અને જિલ્લા વિકાસ અધિકારીશ્રી અતિરાગ ચપલોતના અધ્યક્ષ સ્થાને કલેકટરાલય બેઠક મળી હતી. જેમાં વિવિધ પાસાંઓની ચર્ચાઓ કરવામાં આવી હતી. જેમાં જુદા જુદા કાર્યક્રમોના અમલીકરણ માટે નોડલ અધિકારીઓ નિમાયા છે. ઈ.ચાર્જ કલેકટરશ્રી એ જણાવ્યું હતું કે, વલસાડ જિલ્લામાં ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રીશ્રી અને હાલના પ્રધાનમંત્રીશ્રીના નેતૃત્વ હેઠળ અમલી બનેલા વિવિધ પ્રોજેક્ટોને આમજનતા જાણે અને સમજે તે માટે કાર્યક્રમો થશે જેમાં પર્યાવરણના જતન માટે વૃક્ષારોપણ અને એક પેડ મા કે નામ જતન અભિયાન હેઠળ વિવિધ સ્થળોએ વૃક્ષારોપણ સાથે તેનું જતન કરવા આયોજન થયું છે. વલસાડ જિલ્લામાં વિવિધ સ્થળોએ સ્વચ્છતા અભિયાન કરાશે. સાથે જિલ્લાના પ્રતિષ્ઠિત નાગરિકોનો સંપર્ક કરીને અભિપ્રાયો લેવાશે અને વિકસિત ભારત સંકલ્પ સંમેલન થશે. આ ઉપરાંત સરકારની સિદ્ધિઓની પ્રદર્શની, જનકલ્યાણ શિબિર, પ્રાકૃતિક ખેતી કાર્યશાળા અને તા. ૨૧ મીએ વિશ્વ યોગ દિવસની પણ ઉજવણી થશે. પ્રગતિયાત્રા દરમિયાન જિલ્લાના ઉત્કૃષ્ઠ સ્થળોની મહાનુભાવો અને આમજનતા મુલાકાત લે તે પ્રમાણેનું આયોજન થયું છે. જેમાં પ્રથમ તબક્કો સંસદસભ્યશ્રી, ધારાસભ્યશ્રીઓ તેમજ જિલ્લાના ૮ થી ૧૦ અગ્રણી લોકોના જૂથમાં પસંદ કરેલા સ્થળોની મુલાકાત લેવાશે. જ્યારે બીજો તબક્કોઃ જિલ્લાના વિદ્યાર્થીઓ, સંતો-મહંતો, પ્રતિષ્ઠિત વ્યક્તિઓ અને સમાજના વિવિધ વર્ગો માટે ખાસ મુલાકાતો ગોઠવવામાં આવશે. નિવાસી અધિક કલેકટરશ્રી મહિપાલસિંહ ચુડાસમાએ કાર્યક્રમો સુચારૂ રીતે થાય તે માટે અમલીકરણ અધિકારીઓને અનુરોધ કર્યો હતો.

# ગુજરાતની સરકારી શાળાઓમાં રમતગમત સાથે શિક્ષણના નવા યુગનો પ્રારંભ

## ૩૪,૦૦૦થી વધુ શાળાઓને અત્યાધુનિક સ્પોર્ટ્સ કિટ્સ અર્પણ





કમલમ્,

રાજ્યની સરકારી શાળાઓમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ અને નાનપણથી જ રમતગમત પ્રત્યે રુચિ કેળવાય તે માટે શિક્ષણ વિભાગ દ્વારા એક મહત્વપૂર્ણ પહેલ કરવામાં આવી છે. શિક્ષણમંત્રી શ્રી પ્રદ્યુમન વાજા અને શિક્ષણ રાજ્ય મંત્રી શ્રીમતી રીવાબા જાડેજાના માર્ગદર્શન હેઠળ 'સમગ્ર શિક્ષા, ગુજરાત' દ્વારા રાજ્યની ૩૪,૦૦૦થી વધુ સરકારી શાળાઓને અત્યાધુનિક સ્પોર્ટ્સ કિટ્સ ઉપલબ્ધ કરાવવામાં આવી છે. રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-એનઈપી-૨૦૨૦ના પથદર્શક સૂચનો મુજબ, રમતગમતને શિક્ષણના મુખ્ય પ્રવાહમાં લાવવા માટે આ પગલું લેવામાં આવ્યું હોવાનું 'સમગ્ર શિક્ષા'ની યાદીમાં જણાવાયું છે. શાળાઓને ફાળવવામાં આવેલી આ અત્યાધુનિક કિટ્સમાં વિદ્યાર્થીઓની જરૂરિયાત મુજબના વિવિધ સાધનોનો સમાવેશ કરવામાં આવ્યો છે, જેમાં ★ઈન્ડોર ગેમ્સઃ★ કેરમ બોર્ડ રેગ્યુલર અને સ્મોલ સાઈઝ, સ્ટ્રાઈકર, ચેસ સેટ, ★આઉટડોર ગેમ્સમાં★ વુડન ક્રિકેટ બેટ વિવિધ સાઈઝ, ટેનિસ બોલ (સોફ્ટ-હાર્ડ), ક્રિકેટ સ્ટમ્પ્સ, ફૂટબોલ, વોલીબોલ, હેન્ડબોલ અને બેડમિન્ટન સેટ, ★એથ્લેટિક્સ અને ફિટનેસ★ જેવેલીન (ભાલો), ડિસ્કસ (ચક્રફેંક), શોટપુટ (ગોળા ફેંક), હર્ડલ સેટ, સ્કીપીંગ રોપ, સ્ટોપવોચ, રેલેબેટોન્સ અને માર્કિંગ કોન સેટ. એનઈપી-૨૦૨૦ અંતર્ગત ગુણવત્તાયુક્ત શિક્ષણના ભાગરૂપે, રાજ્યની તમામ સરકારી શાળાઓ અને ર જીઉૐઈ શાળાઓ માટે બજેટમાં વિશેષ જોગવાઈ કરવામાં આવી છે. રમતગમત દ્વારા શિક્ષણના અભિગમથી વિદ્યાર્થીઓમાં માત્ર શારીરિક ચપળતા જ નહીં, પરંતુ સંઘભાવના, સહકાર, સ્વ-શિસ્ત, જવાબદારી અને આત્મનિર્ભરતા જેવા જીવન કૌશલ્યોનો પણ વિકાસ થશે. 'સમગ્ર શિક્ષા' અભિયાન હેઠળ વિદ્યાર્થીઓની સંખ્યાના પ્રમાણમાં સરેરાશ ૩૦ વિવિધ સાધનોની એક કિટ મુજબ ફાળવણી કરવામાં આવી છે. આ પહેલ ભારત સરકારના 'Fit India Movement' ના લક્ષ્યોને સિદ્ધ કરવામાં પાયાનું યોગદાન આપશે. રાજ્ય સરકારના આ સઘન પ્રયાસોથી ગ્રામીણ અને શહેરી સ્તરે છુપાયેલી ખેલ પ્રતિભાઓને યોગ્ય મંચ મળશે, જે ભવિષ્યમાં રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે ગુજરાતનું નામ રોશન કરશે.

# ગુજરાત જાહેર સેવા આયોગની પ્રિલીમનરી પરીક્ષાને અનુલક્ષી પરીક્ષા કેન્દ્રોથી ૨૦૦ મીટર અંદર ઝેરોક્ષ / ફેકસ પર પ્રતિબંધ



કમલમ્,નવસારી

ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા આગામી ૦૭/૦૬/૨૦૨૬ રવિવારનાં રોજ કોમન જનરલ સ્ટડી પેપર ફોર ડિફરન્ટ એડવટાઈઝમેન્ટ (જાહેરાત ક્રમાંક:૯૯૯૪/૨૦૨૬-૨૭)ની પ્રિલીમનરી પરીક્ષાનું આયોજન કરવામાં આવ્યું છે. આ પરીક્ષાનું સરળ અને સુચારુ સંચાલન થાય, જાહેર પરીક્ષાની ગુણવત્તા અને વિશ્વસનીયતા જળવાઈ રહે અને પરીક્ષાર્થીઓ શાંત અને સ્વસ્થચિત્તે પરીક્ષા આપી શકે એ માટે નવસારીના અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ શ્રી યોગરાજસિંહ બી. ઝાલાએ મળેલી સત્તાની રૂએ નવસારીના પરીક્ષા કેન્દ્રોની અને બિલ્ડીંગની હદથી ૨૦૦ મીટરના ઘેરાવાના વિસ્તારમાં ચાર કે તેથી વધુ વ્યક્તિઓને ભેગા થવા, સભા ભરવા, સરઘસ કાઢવા તથા કોઈપણ વ્યકિતએ (પરીક્ષાર્થી સહિત) હથિયાર, મોબાઈલ ફોન, સ્માર્ટ વોચ, સ્માર્ટ બેન્ડ લઈ જવા પર કે પરિક્ષા સમય દરમિયાન તેનો ઉપયોગ પર કે લાઉડસ્પીકર વગાડવા પર તથા પરીક્ષા કેન્દ્રોની ૨૦૦ મીટર અંદર ઝેરોક્ષ/નકલો/ફેક્સ સંબધિત સેન્ટરો ચાલુ રાખવા સાથે નીચે જણાવેલ કૃત્યો પર પ્રતિબંધ ફરમાવ્યો છે.

(૧) બિનઅધિકૃત વ્યકિતઓને પ્રતિબંધિત પરીક્ષા કેન્દ્ર/બીલ્ડીંગના વિસ્તારમાં દાખલ થવા પર.

(૨) કોઈપણ શખ્સો દ્વારા તરકીબ વાપરી પરીક્ષાર્થીઓને પરીક્ષા વિષયક ચોરી કરવા /કરાવવામાં સીધી કે આડકતરી મદદગારી કરવા પર.

(૩) પરીક્ષાર્થી ઉમેદવારોની શાંતિ અને લેખનકાર્યમાં અડચણ, વિક્ષેપ, ધ્યાનભંગ થાય તેવું કોઈપણ કૃત્ય કરવા

(૪) પરીક્ષામાં ચોરી ગણાય તેવી પ્રતિબંધિત વસ્તુ, ઈલેક્ટ્રોનિકજ આઈટમો, મોબાઈલ ફોન, સ્માર્ટ વોચ, સ્માર્ટ બેન્ડ, પુસ્તક, કાપલીઓ, ઝેરોક્ષ નકલો વિગેરેનું વહન કરવા કે કરાવવા ઉપર તથા આવા કાર્યોમાં મદદગારી કરવા ઉપર

૫) ચાર કરતાં વધુ માણસોની કોઈ સભા ભરવા / સભા બોલાવવા, સરઘસ કાઢવા કે ભેગા થવા પર

આ હુક્મનો અમલવારી નવસારી જિલ્લાના સમગ્ર વિસ્તારમાં તા. ૦૭-૦૬-૨૦૨૬નાં રોજ સવારે ૦૯-૦૦ કલાકથી બપોરે ૦૩-૦૦ કલાક સુધી અમલમાં રહેશે, હુકમનો ભંગ કરનાર ઈસમ / વ્યક્તિને ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ની કલમ ૨૨૩ મુજબ ફરિયાદ દાખલ કરી કાર્યવાહી કરવામાં આવશે.

# મહિલા સશકિતકરણનું પ્રેરણાદાયી ઉદાહરણ બની શ્રીજી મહિલા દૂધ ઉત્પાદક મંડળી

## બંધ પડેલી ડેરીથી આત્મનિર્ભરતાની દિશામાં : ગરૂડેશ્વર તાલુકાના જીતપુરા ગામની મહિલાઓએ લખી સફળતાની નવી ગાથા

**એક વર્ષમાં ૧૫ લિટરથી ૫૦૦ લિટર દૈનિક દૂધ સંગ્રહ સુધીની સફર, રૂપિયા ૭ લાખની સહાયથી ચિલિંગ પ્લાન્ટ સહિત આધુનિક સુવિધાઓ પ્રાપ્ત**



કમલમ્,બુધવાર

નર્મદા જિલ્લાના ગરૂડેશ્વર તાલુકાના જીતપુરા ગામની મહિલાઓએ સંગઠન, આત્મવિશ્વાસ અને સતત પરિશ્રમના બળે આત્મનિર્ભરતાની અનોખી ગાથા રચી છે. એક સમય એવો હતો જ્યારે ગામમાં છેલ્લા ૧૫ વર્ષથી દૂધ ડેરી બંધ હાલતમાં હતી અને પશુપાલકોને ડેરીમાં દૂધ ભરવા માટે અન્ય ગામોમાં જવું પડતું હતું. પરંતુ આજે એ જ જીતપુરા ગામ મહિલા સશક્તિકરણ અને ગ્રામ વિકાસનું પ્રેરણાદાયી કેન્દ્ર બની ગયું છે. વર્ષ ૨૦૨૫ના મે મહિનામાં રિલાયન્સ ફાઉન્ડેશન અને ઈનરેકા સંસ્થાના માર્ગદર્શન હેઠળ ગામના શ્રીજી સખી મંડળની મહિલાઓએ મળીને 'શ્રીજી મહિલા દૂધ ઉત્પાદક મંડળી' ની શરૂઆત કરી હતી. શરૂઆતમાં માત્ર ૧૫ લિટર દૂધનું જ દૈનિક સંગ્રહ થતું હતું, પરંતુ મહિલાઓએ હિંમત હાર્યા વગર સતત પ્રયત્નો ચાલુ રાખ્યા. મહિલાઓને દૂધ વ્યવસાય અંગે વધુ સમજ અને પ્રેરણા મળે તે માટે દૂધધારા-ભચરવાડા ચિલિંગ પ્લાન્ટનો પ્રેરણાપ્રવાસ પણ યોજવામાં આવ્યો હતો. મળેલા માર્ગદર્શન અને તાલીમના પરિણામે ડેરીની કામગીરીમાં સતત વધારો થવા લાગ્યો. આજે આ મહિલા મંડળીનું દૂધધારા ડેરી (ભચરવાડા પ્લાન્ટ) સાથે સત્તાવાર રજીસ્ટ્રેશન થઈ ચૂક્યું છે. ડેરીમાં દૈનિક દૂધ સંગ્રહ ૫૦૦ લિટર સુધી પહોંચી ગયો છે. ડેરીની વધતી જતી પ્રવૃત્તિને ધ્યાનમાં રાખી શ્રીજી મહિલા દૂધ ઉત્પાદક મંડળીએ દૂધધારા પાસે ચિલિંગ પ્લાન્ટ, ફેટ મશીન અને કોમ્પ્યુટરની માંગણી કરી હતી. મહિલાઓની કામગીરી અને સમર્પણને માન્યતા આપતાં દૂધધારા-ભચરવાડા દ્વારા આશરે રૂપિયા ૭ લાખની કિંમતની સહાયરૂપે ચિલિંગ પ્લાન્ટ, જનરેટર, ફેટ મશીન, કોમ્પ્યુટર અને પ્રિન્ટર ઉપલબ્ધ કરાવવામાં આવ્યા છે. આધુનિક સુવિધાઓના ઉમેરાથી હવે ડેરીની કામગીરી વધુ સુવ્યવસ્થિત અને પારદર્શક બની છે. હાલ જીતપુરા સહિત આસપાસના ૬ ગામોના પશુપાલકો અહીં દૂધ ભરાવવા આવે છે અને ડેરીના સભાસદોની સંખ્યા પણ વધીને ૫૦ જેટલી થઈ ગઈ છે. આ સફળતા માત્ર એક ડેરીની પ્રગતિની વાત નથી, પરંતુ ગામની મહિલાઓના આત્મવિશ્વાસ, નેતૃત્વ અને આર્થિક સશક્તિકરણની જીવંત સાબિતી છે. મહિલાઓએ સાબિત કરી બતાવ્યું છે કે યોગ્ય માર્ગદર્શન, સહયોગ અને સંકલ્પબળ હોય તો ગ્રામ્ય વિસ્તારોમાં પણ આત્મનિર્ભરતાના નવા આયામો સર્જી શકાય છે. આગામી સમયમાં વધુ પશુપાલકોને સ્વરોજગારી સાથે જોડવા માટે દૂધધારા ખાતે જીતપુરાના ૧૦ આર્થિક રીતે નબળા પશુપાલકોને ભેંસ સહાય આપવાની માંગણી પણ કરવામાં આવી છે, જેનાથી ગામમાં દૂધ ઉત્પાદન અને આવકના નવા અવસર ઊભા થશે. શ્રીજી મહિલા દૂધ ઉત્પાદક મંડળીની સભાસદ મહિલાઓએ તેમની આ સફળ યાત્રામાં સતત માર્ગદર્શન અને સહયોગ બદલ રિલાયન્સ ફાઉન્ડેશન, ઈનરેકા સંસ્થા તથા દૂધધારા-ભચરવાડાનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો. જીતપુરાની આ સફળતા એ સાબિત કરે છે કે જ્યારે મહિલાઓને તક, તાલીમ અને વિશ્વાસ મળે છે, ત્યારે તેઓ માત્ર પોતાનું નહીં પરંતુ સમગ્ર ગામના વિકાસનું નેતૃત્વ કરી શકે છે.

# અમદાવાદ સેન્ટ્રલ જેલ ખાતે જેલ કર્મચારીઓ માટે 'પ્રહરી' (PRAHARI) તાલીમ કાર્યક્રમનું આયોજન

## રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટી અને ગુજરાત જેલ વિભાગના સંયુક્ત ઉપક્રમે જેલકર્મીઓના માનસિક સ્વાસ્થ્ય અને સુરક્ષા વિષય પર વિશેષ સત્ર



કમલમ્,

અમદાવાદ સેન્ટ્રલ જેલ ખાતે જેલ અને સુધારાત્મક વહીવટી કર્મચારીઓ માટે એક સપ્તાહના વિશેષ તાલીમ કાર્યક્રમ 'સાયકોલોજિકલ રિસ્ક એસેસમેન્ટ, હેલ્થ અવેરનેસ એન્ડ રેઝિલિયન્સ'(PRAHARI - પ્રહરી)નો ૨૯ મેથી પ્રારંભ કરવામાં આવ્યો છે. આ કાર્યક્રમનું ઉદ્ઘાટન અમદાવાદ સેન્ટ્રલ જેલના સુપરિન્ટેન્ડન્ટ શ્રી ગૌરવ અગ્રવાલ(IPS) દ્વારા કરવામાં આવ્યું હતું. અમદાવાદ સેન્ટ્રલ જેલના સુપરિન્ટેન્ડન્ટ શ્રી ગૌરવ અગ્રવાલે ઉપસ્થિત સહભાગીઓને સંબોધિત કરતા જેલ કર્મચારીઓમાં માનસિક સ્વાસ્થ્ય અંગેની સાક્ષરતાની જરૂરિયાત પર ખાસ ભાર મૂક્યો હતો. તેમણે જણાવ્યું હતું કે, જેલ જેવા સંવેદનશીલ વાતાવરણમાં માનસિક સ્વાસ્થ્યના જોખમોને વહેલી તકે ઓળખવા ખૂબ જ જરૂરી છે. તેમણે જેલના વાતાવરણને વધુ સુરક્ષિત અને માનવતાવાદી બનાવવા માટે સામૂહિક પ્રયાસોના મહત્વ પર પણ પ્રકાશ પાડ્યો હતો. આ વિશેષ કાર્યક્રમનું આયોજન રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટી (RRU), લવાડ, ગાંધીનગરના 'સ્કૂલ ઓફ બિહેવિયરલ સાયન્સિસ એન્ડ ફોરેન્સિક ઈન્વેસ્ટિગેશન્સ' અંતર્ગત કાર્યરત 'ગ્લોબલ કરેક્શનલ એડમિનિસ્ટ્રેશન સ્ટડીઝ' (GCAS) અને ગુજરાત રાજ્યના જેલ અને સુધારાત્મક વહીવટી વિભાગ દ્વારા સંયુક્ત રીતે કરવામાં આવ્યું છે. આ સમગ્ર પહેલ રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટીના વાઈસ-ચાન્સેલર પ્રોફેસર (ડૉ.) બિમલ એન. પટેલના નેતૃત્વ હેઠળ અને સ્કૂલ ઓફ બિહેવિયરલ સાયન્સિસના ડાયરેક્ટર ડૉ. નૂરીન ચૌધરીના માર્ગદર્શન હેઠળ યોજાઈ રહી છે. ૨૯ મે થી ૫ જૂન ૨૦૨૬ દરમિયાન યોજાનારા આ એક સપ્તાહના તાલીમ કાર્યક્રમમાં જેલ વિભાગના ૪૦ જેટલા અધિકારીઓ અને કર્મચારીઓ ભાગ લઈ રહ્યા છે. આ તાલીમ દરમિયાન તેઓને માનસિક સ્વાસ્થ્ય પ્રત્યે જાગૃતિ, મનોવૈજ્ઞાનિક જોખમોનું મૂલ્યાંકન, ક્રાઈસીસ કોમ્યુનિકેશન, વર્તણૂકના જોખમોની ઓળખ અને પ્રતિકૂળ પરિસ્થિતિઓમાં મનોબળ મજબૂત રાખવાની વિવિધ વ્યૂહરચનાઓ અંગે સઘન તાલીમ આપવામાં આવશે. ઉદ્ઘાટન સત્રનું સંચાલન ગ્લોબલ કરેક્શનલ એડમિનિસ્ટ્રેશન સ્ટડીઝના પ્રોજેક્ટ ડાયરેક્ટર ડૉ. ગીતેશ કુમાર સિંઘ દ્વારા કરવામાં આવ્યું હતું. તેમણે 'પ્રહરી' (PRAHARI) પહેલના ઉદ્દેશ્યોની રૂપરેખા આપતાં જણાવ્યું કે જેલ કર્મચારીઓ ઘણીવાર પ્રથમ પ્રતિભાવ આપનાર (Fi®s Responders) તરીકે કામ કરે છે. તેઓ જેલના કેદીઓમાં માનસિક તણાવ, આત્મહત્યાની પ્રવૃત્તિ, નશાની લત અને અન્ય માનસિક સ્વાસ્થ્ય સંબંધી લક્ષણોને વહેલા ઓળખવામાં મહત્વની ભૂમિકા ભજવી શકે છે. આયોજકોના જણાવ્યા અનુસાર, આ કાર્યક્રમનો હેતુ જેલ કર્મચારીઓને વ્યવહારુ કૌશલ્યોથી સજ્જ કરવાનો છે, જેથી તેઓ કેદીઓના વર્તનમાં આવતા બદલાવો અને ચેતવણીના સંકેતોને ઓળખી શકે, કટોકટીના સમયે અસરકારક પગલાં લઈ શકે અને જરૂર પડે ત્યારે સમયસર વ્યાવસાયિક તબીબી મદદ અપાવી શકે. આ ઉપરાંત, આ તાલીમમાં જેલ કર્મચારીઓના પોતાના માનસિક સ્વાસ્થ્ય પર પણ વિશેષ ધ્યાન આપવામાં આવ્યું છે, જેમાં કામના ભારણને લીધે થતો તણાવ ઘટાડવા અને માનસિક મનોબળ વધારવાના સત્રોનો સમાવેશ થાય છે.

